# હિંમતનગર ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## જિલ્લાના ૨,૪૨૪ લાભાર્થિઓને ૬.૬૨ કરોડની સાધન સહાય ચુકવાઇ

બાયડ તા.૨૪

રાજ્ય સરકારના ગરીબી ઉન્મૂલન માટેના મહત્વાનકાંક્ષી ગરીબ કલ્યાણ મેળો સાબરકાંઠા જિલ્લા.ના હિંમતનગર માર્કેટ યાર્ડ ખાતે રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સસંદીય બાબતો તથા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિકતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગરીબો અને જરૂરીયાતમંદોના આર્થિક વિકાસ માટે કામ કરતી સરકાર છે. માન. વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૯-૧૦ થી આ ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરી હતી. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ૨,૬૬,૪૫૦ જેટલા લાભાર્થિઓને રૂ. ૨૧૦૫૯.૬ લાખની સાધન સહાય થકી રોજગારીનો અવસર પુરો પાડ્યો છે. આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના ૨,૪૨૪ લાભાર્થિઓને ૬.૬૨ કરોડની સાધન સહાય પુરી પાડવામાં આવી છે. જેથી





તેઓ પોતાનુ અને પરીવારનું ગુજરાન સ્વમાનભેર ચલાવી શકે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં સરકાર દ્વારા જરૂરીયાતમંદો માટે એક રૂપિયો ફાળવવામાં આવતો તો તે ગરીબ સુધી પહોંચતા ૧૫ પૈસા થઈ જતા જે વડાપ્રધાનશ્રી મોદીજીએ તેના નિરાકરણ વિશે વિચારી જેતે વ્યક્તિના બેંક અકાઉન્ટમાં જ સહાય સીધી ડી.બી.ટી. ના માધ્યમ દ્વારા જમા કરવાથી પૂરા પૈસા તેના સુધી પહોંચતા થયા છે. તમામ સમાજના લોકોને એક સાથે લઈ તેમના વિકાસની નેમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર સફળતા પૂર્વક આગળ વધારી રહી છે. આઝાદીના ૭૫ વર્ષનો અમૃત મહોત્સવ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે આ અમૃત મહોત્સવના ફળ રાજયના છેક છેવાડાના માનવી ચાખી રહ્યા છે. સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કન્યા કેળવણી, કૃષિ મહોત્સવ, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના, સ્ટુડન્ટ સ્ટાર્ટપ યોજના, નલ સે જલ યોજના, આવાસ યોજના જેવી કલ્યાણકારી યોજનાઓ થકી અમલી બનાવી વિકાસને વેગ આપ્યો છે.

આ પ્રસંગે સાંસદશ્રીમતિ રમિલાબેન બારાએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૨૭ વર્ષથી આ સરકાર પ્રજાહિતના કાર્યો કરી રહી છે. આજે માન. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર પ્રજાના દ્વારા જઈને તેમના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ કરે છે. ગરીબ કલ્યાણ મેળા અને સેવાસેતુ કાર્યક્રમ થકી પ્રજા-અધિકારી- સરકાર વચ્ચેની ખાઈ પૂરાઈ છે.

આ પ્રસંગે મંત્રીશ્રી તથા મહાનુભવોના હસ્તે હિંમતનગર તાલુકાની ૯ આર.બી.એસ.કે એમ્બુલેન્સ વાનને લીલી ઝંડી આપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલ, હિંમતનગર ધારાસભ્ય શ્રી રાજેન્દ્ર ચાવડા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ યતિનાબેન મોદી, શહેર અગ્રણી જે.ડી.પટેલ, મહિલા અગ્રણી કૌશલ્યા કુવરબા, જિલ્લા સમાહર્તા શ્રી હિતેષ કોયા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી તથા નિયામક ગ્રામ વિકાસ એજન્સીશ્રી આર.એમ. ડામોર સહિત પદાધિકારી-અધિકારીગણ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી



પ્રજાપતિ બાબુબાઇ જીવરામભાઈ
૫૧, ઋષિકુંજ સોસાયટી, બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

### આઝાદીના સાત દાયકા વિતવા છતાં વિકાસથી વંચિત

## વિજયનગર તાલુકામાં જી.આઈ.ડી.સી અને એસ.ટી બસ સ્ટેશનની સુવિધા ના મળતા આપ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

**ઔધોગિક વસાહત મંજુર થાય તો બેરોજગારોને રોજીરોટી મળે, એસ.ટી.બસ સ્ટેશન કાર્યરત થાય તો એસ.ટી.બસની સુવિધા વધે...**

ભિલોડા,તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના સરહદે આવેલા વિજયનગર તાલુકાને આઝાદીના સાત દાયકા પછી પણ એસ.ટી.બસ સ્ટેશન અને ઔધોગિક વસાહત -જી.આઈ.ડી.સી ની વર્ષો જૂની માંગણી સંદર્ભે આંદોલનો થયા અને અનેક સામાજીક આગેવાનો દ્વારા ગાંધીનગર સુધી રજૂઆતો કરવા છતાં માંગણી નહિ સંતોષાતા પ્રજાજનોમાં સુવિધાના અભાવે ભારે નારાજગી ઉદ્ભવી છે.ગુજરાત રાજયના મુખ્યમંત્રીને લેખિત પત્ર મારફતે રજુઆત કરાઈ છે.વિજયનગર તાલુકા તરફ એક નજર કરવા વિનંતી કરવામાં આવી છે.

વિજયનગર તાલુકા તરફ એક નજર કરવા વિનંતી કરવામાં આવી છે.

વિજયનગર તાલુકાને જે સુવિધા વર્ષો પહેલા ઉપલબ્ધ થવી જોઈતી હતી એવી મુખ્ય બે માંગણીઓ એવી છે કે, વિજયનગર તાલુકા મથકે એસ.ટી.બસ સ્ટેશન મંજૂર કરવા અને જી.આઈ.ડી.સી સ્થાપીને નવીન રોજગારી,ઉધોગ ધંધા વધે એ દિશામાં કાર્યવાહી કરવા સારૂ આમ આદમી પાર્ટીના નેતા અને કણાદર બેઠકના તાલુકા પંચાયત સદસ્ય અને સામાજીક આગેવાન બીપીનચંદ્ર આર. ગામેતીએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત પત્ર મારફતે ન્યાયિક રજુઆત કરી છે.

વિજયનગર તાલુકો ૧૦૦% અંતરિયાળ આદિવાસી વસ્તી ધરાવતો રાજસ્થાન રાજયની બોર્ડર પર ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ દિશાને આવરી લેતો તાલુકો છે. વિજયનગર તેનું મુખ્ય મથક છે.આઝાદી મળ્યાના ૭૫ વર્ષના વહાણા વાઈ ગયા અને હાલના તબક્કે ભારત દેશ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ મનાવી રહેલ છે પરંતુ કમનસીબે વિજયનગર તાલુકાના મુખ્ય મથક ને એસ.ટી.બસ સ્ટેશન નું કે જી.આઈ.ડી.સી નું સદભાગ્ય હજુ સુધી પ્રાપ્ત થયું નથી તે ખરેખર દુ:ખનીય બાબત છે.એસ.ટી.બસ સ્ટેશનના અભાવે વિજયનગર વિસ્તારના કર્મચારીઓ - વેપારીઓ - વિધાર્થીઓ સહિત પ્રજાજનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

વિજયનગર તાલુકા મથક ખાતે એસ.ટી.બસ સ્ટેશન સત્વરે મંજૂર કરીને પ્રજાજનોના દિલ જીતવા આપની પાસે ઉમદા તક છે.પાલ - દઢવાવ વિસ્તારમાં જલિયાવાલા બાગ કરતાં પણ વધુ આદિવાસી શહિદ થયાના ઈતિહાસ નું શહિદ સ્મારક છે.પોળો - ફોરેસ્ટ ને પ્રવાસ ધામ તરીકે ગુજરાત સરકારે વિકસાવ્યું છે ત્યારે એસ.ટી.બસ સ્ટેશન ના હોવું તે વિકાસશીલ ભાજપ સરકાર માટે પણ ખરેખર કલંકરૂપ છે.

સાબરકાંઠા જીલ્લાના સરહદીય વિસ્તારના અંતરિયાળ ડુંગરાળ પ્રદેશના વિજયનગર તાલુકાની બંને મહત્વની માંગણીઓ સત્વરે સ્વીકારી વહેલા માં વહેલી તકે સુવિધાઓ આપવામાં આવે અને ઉપેક્ષિત રહેલા આ વિસ્તારોને ન્યાય આપવા માટે ન્યાયિક રજુઆત કરી છે.

## પ્રાંતિજના હાર્દ સમાન શ્રી.વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બેહાલ જંગલી ઘાસ ઉગી નિકળ્યું

**વચ્ચોવચ્ચ મુકવામાં આવેલ ફુવારો સફાઇના અભાવે ગંદકી થી બદબદી ઉઠયો**

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના હાર્ડ સમાન શ્રી વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બે હાલ ગાર્ડન માં ગંદકી અને જંગલી ધાસ ઉગી નિકળ્યું છે તો મીની ગાર્ડન મા આવેલ ફુવારા મા ગંદકી ના થોળ જામી ગયો છે અને ગંદકી થી ખદબદી ઉઠયો છે

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ હનુમાન ચોક પાસે આવેલ પ્રાંતિજ ના હાર્ડ સમાન શ્રી વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બન્યો બેહાલ તો સ્વચ્છતા ના અભાવે હાલ તો અહીં મીની ગાર્ડન સર્કલ માં નકામું મોટું મોટુ જંગલી ધાસ ઉગી નીકળ્યુ છે તો મીની ગાર્ડન સર્કલ મા વચ્ચોવચ્ચ મુકવામાં આવેલ ફુવારો ના કયારા માં પણ એક-એક ફુટ જેટલા ગંદકી ના થોળ જામ્યો છે અને ગંદકી થી બદબદી ઉઠયો છે તો આજુબાજુમા આવેલ વેપારીઓ તથા રાત્રી દરમ્યાન અવરજવર કરતા લોકો નું કહેવું છેકે પવન આવે છે ત્યારે આ ફુવારા ના કયારા માં રહેલ ગંદા પાણી ને લઈને દુરગંદ પણ મારે છે તો ડેન્ગ્યુ ,મેલેરિયા ના મચ્છરો પણ શરણ લઈ રહ્યા છે તો નગરપાલિકા તંત્ર હાલતો જાણે રોગચાળા ને આમંત્રણ નોતરતુ હોય તેવું જણાઈ આવે છે ત્યારે હાલતો પ્રાંતિજ ના હાર્ડ સમાન શ્રી.વાસુદેવ. સો. રાવલ સર્કલ મીની ગાર્ડન પ્રાંતિજ નગર પાલિકા ની ધજાગરા ઉડાળતુ હોય તેવુ લાગી રહ્યુ છે ત્યારે લાખ્ખો રૂપિયા ના ખર્ચે તૈયાર થયેલ પ્રાંતિજ ના હાર્ડ સમાન શ્રી.વાસુદેવ સો.રાવલ જાળવણી અભાવે હાલતો ગંદકી થી ખદબદી ઉઠયુ છે ત્યારે શ્રી.વાસુદેવ.સો.રાવલ મીની ગાર્ડન ની સફાઈ તથા જાળવણી કરવામા આવે તેવી હાલતો લોક માર્ગ ઉઠવા પામી છે.



## ધનસુરા ગ્રામ પંચાયત સંચાલિત લાઈબ્રેરી ખાતે પુસ્તકોનું મહાપ્રદર્શન યોજાયું

**આઝાદી પર્વને સબંધિત અને ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોનું મહા પ્રદર્શન યોજાયું**



ધનસુરા,તા. ૨૪

ધનસુરા ગ્રામ પંચાયત સંચાલિત લાઈબ્રેરી ખાતે પુસ્તકોનું મહા પ્રદર્શન યોજાયું હતું આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે આઝાદીને લગતા પુસ્તકો અને ઝવેરચંદ મેઘાણીજી સબંધિત સાહિત્ય ના પુસ્તકો નું મહા પ્રદર્શન યોજાયું હતું.જેના ઉદઘાટન પ્રસંગે સરપંચ હેમલત્તાબેન પટેલ એ રીબીન કાપી કાર્યક્રમ નું ઉદઘાટન કર્યું હતું આ પ્રસંગે ઉપસરપંચ કાર્તિકભાઈ પટેલ અને ગ્રામ પંચાયત ના સદસ્યશ્રીઓ તથા ગ્રામ પંચાયત નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## નાયક સમાજના યુવકની વનવિભાગમાં કલાસ વન અધિકારી તરીકે બઢતીથી આનંદ

સરડોઈ તા.૨૪



પ્રાંતિજ તાલુકાના મૌછા ગામના વતની( હાલ હિંમતનગર) અને અમદાવાદ વન વિભાગમાં એ.સી. એફ ની ફરજ બજાવતા અમિત કુમાર નાયકને કલાસ વન અધિકારી તરીકે પ્રમોશન અપાતાં સમગ્ર નાયક સમાજમાં આનંદ છવાયો છે. પ્રાપ્ત જાણકારી મુજબ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તાજેતરમાં વન સેવા વર્ગ- ૨ ના અધિકારીઓની બદલી સાથે બઢતીના ઓર્ડર કરવામાં આવ્યા જેમાં નાયક સમાજના યુવકને કલાસ ૧ ની બઢતી સાથે દાહોદ સામાજિક વનીકરણ વિભાગમાં ડી.સી. એફ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## આકરુન્દ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ રાજ્ય કક્ષાએ યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું

ધનસુરા,તા. ૨૪



આકરુન્દ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની એ રાજ્ય કક્ષાએ યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું રાજ્ય કક્ષાએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નવસારી ખાતે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં આકરુન્દ ની આદર્શ પ્રાથમિક શાળાની ધોરણ ૮ ની વિદ્યાર્થીની રાહી ઈશ્વરભાઈ પ્રજાપતિ એ નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું જે બદલ તેને ઈનામ આપવામાં આવ્યું હતું અગાઉ પણ રાહી પ્રજાપતિ નિબંધ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ આવી હતી.જેને લઈને પ્રાથમિક શાળાના સ્ટાફ તેમજ એસ.એમ.સી સભ્યો સહિત સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## મેઘરજમાં પેટે પાટા બાંધી પેટીયું રળતા ગરીબો પાસેથી ઉઘરાવેલા લાખો રૂપિયા કોના ખિસ્સામાં ગયા?

**ન્યાયિક તપાસ થાય તો મોટો ઘટસ્ફોટ થશે**

મેઘરજ તા.૨૪

મેઘરજમાં છેલ્લા કેટલાય સમયથી અભણ અને અજાણ લોકોને રીતસરના લૂંટવામાં આવી રહ્યા છે.કેટલીક સરકારી કચેરીઓ માં તો વ્યવહાર કર્યા સિવાય કાગળ હલવાનું નામ નથી લેતો ત્યારે તાલુકામાં એ. સી. બી. દ્વારા સર્ચ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

મંગળવારે બપોરે હપ્તા ના ભારણ થી થાકેલા મજૂરી કરી પેટિયું રળતા શાકભાજીની લારીવાળાઓએ રોડ ઉપર શાકભાજી ભરેલી લારી ઉંધી કરી વિરોધ નોંધાવ્યો હતો. અને પોલીસ લારીઓ ઉભી રાખવા માટે હપ્તા માંગતી હોવાના ખુલ્લેઆમ આક્ષેપો કર્યા હતા.ત્યારે અત્યાર સુધીમાં આ શાકભાજી ફેરિયાઓ તેમજ રસ્તે પસાર થતાં ઈકો, જીપ, ટ્રક તેમજ પીક અપ ડાલા જેવા વાહનચાલકો પાસેથી રૂપિયા ઉગરાવી કોણે કેટલી બેનામી સંપત્તિ એકઠી કરી લીધી તેની ચર્ચાઓએ બજારમાં જોર પકડ્યું હતું.કાયદા ની એસી કી તૈસી કરી ખાનગી બોલેરો જીપ માં બેસી દિવસ અને રાતભર ચાલતા લોકોને લૂંટવાના ખેલનો તમાસો માત્ર જોવાય રહ્યો છે.પરંતુ તેની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તાલુકા ધણીવાડા નજીક, ગેલી માતાજીના મંદિર નજીક અને કેથોલિક હાઈસ્કૂલ નજીક ઉભી રહેતી આ ખાનગી બોલેરો ગાડી મહિને પાંચ લાખ જેટલી રકમની કાળી કમાણી કરતી હોવાની ચર્ચાઓ ચગડોળે ચઢી છે.ત્યારે તાલુકાના અંતરિયાળ વિસ્તારના અભણ અને અજાણ લોકોને કાયદાની બીક બતાવી મારી ધમકાવી ખુલ્લેઆમ લૂંટવાના ચાલતા ખેલનો પર્દાફાસ્ટ કરવામાં આવે તેવું તાલુકાની જનતા ઈચ્છી રહી છે.

## ધાનેરા-દાંતીવાડા તાલુકાના ખેડૂતોની પાણીને લઈ ૨૮ મી ફેબ્રુઆરીએ મૌન રેલી

**ધારાસભ્ય અને ખેડૂતો દ્વારા પાલનપુરમાં મૌન રેલીનું આયોજન કરાયું**

ધાનેરા તા. ૨૪

ધાનેરા અને દાંતીવાડા તાલુકાના લોકોને પિયત માટે પાણીની સુવિધા કરવા માટે ધારાસભ્ય દ્વારા સતત ચાર વર્ષથી રજૂઆતો કરી રહ્યા છે. ત્યારે આગામી બજેટમાં ધાનેરા અને દાંતીવાડા તાલુકાના ગામડાઓને પાણી માટે કેનાલની જોગવાઈ કરવા માટે રજૂઆત કરી છે. તેમજ પાલનપુર ખાતે ૨૮ ફેબ્રુઆરીએ મૌન રેલીનું પણ આયોજન કરવામાં આવતા ખેડૂતો પણ ઉત્સાહમાં આવ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ના સંવાદ દાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરા વિધાનસભા મત વિસ્તાર માટે ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ દ્વારા પીવાના પાણી તેમજ સિંચાઈના પાણી માટે સતત વિધાનસભામાં રજૂઆત કરતા આવ્યા છે.

આ વખતે બજેટમાં ધાનેરા વિધાનસભાના ૭ જેટલા પ્રશ્નો સમાવવા મુખ્યમંત્રીને લેખીત રજૂઆત કરવામાં આવેલ છે અને આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ ધાનેરા તથા દાંતીવાડા તાલુકાના ખેડૂતોને પાણીના પ્રશ્ન માટે સરકારને જગાડવા માટે પાલનપુર-ધનિયાણા ચાર રસ્તાથી કલેકટર સુધી એક ખેડૂત રેલીનું આયોજન માટે ખેડૂતોને બોલાવવા માટે ઝુંબેશ ચલાવી છે અને તેના કેટલાય પત્રો પણ સોશિયલ મીડીયામાં વાયરલ કરવામાં આવ્યા છે. જેથી ખેડૂતો પણ એકતા બતાવવા માટે ભારે ઉત્સુક બન્યા છે.ખેડૂતોની રજૂઆતો છતાં સરકાર કોઈ જ વાત સ્વીકારવા તૈયાર નથી.

આ અંગે કિસાન અગ્રણી વિરમાભાઈ પટેલે જણાવ્યું હતું કે 'અમારે ખેડૂતોને કોઈપક્ષ સાથે મતલબ નથી, જે લોકો ખેડૂતોના કલ્યાણ માટે કામ કરશે તેની સાથે જ આ જગતનો તાત સદાય ઉભો રહેશે. હાલમાં ધાનેરા અને દાંતીવાડા તાલુકાના ગામડાઓમાં સિંચાઈની વાત તો અલગ છે પરંતુ પિવાના પાણીના પણ ફાંફા છે. માટે અમો આ ખેડૂત હિતાર્થે યોજાનારી મૌન રેલીમાં મોટા પ્રમાણમાં ઉમટીને ખેડૂતોની તાકાત પણ બતાવીશું.હ્લઆ અંગે ધારસભ્ય નથાભાઈ પટેલે જણાવ્યું હતુ કે હું ખેડૂત છું અને ખેડૂતોના પ્રશ્ન માટે હું લડતો રહીશ.

## ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાં આદિજાતી કોમ્યુનીટી હોલ ખંડેર હાલતમાં ફેરવાયો

**ભિલોડા તાલુકા બી.ટી.પી ઉપ પ્રમુખે મુખ્યમંત્રી અને આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા, વિભાગ (કેબીનેટ કક્ષાના મંત્રી) ને લેખિતમાં પત્ર પાઠવ્યો**

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથ વિસ્તારમાં વર્ષો પહેલા બનાવેલો કોમ્યુનીટી હોલ ખંડેર હાલતમાં ફેરવાયો છે.ભિલોડા તાલુકા બી.ટી.પી. ઉપ પ્રમુખ પરાગ એમ. ભગોરાએ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને આદિજાતી વિકાસ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા વિભાગ (કેબીનેટ કક્ષાના મંત્રી) નરેશભાઈ પટેલ ને લેખિતમાં પત્ર પાઠવ્યો છે.

'આદિજાતિ કોમ્યુનિટી હોલહ્વ કંડમ થયેલ પરિસ્થિતિ જોવા મળે છે.નવા સ્થાને ન્યાય મંદિર - દીવાની ફોજદારી અદાલત, ભિલોડાની બાજુમાં ભિલોડા - ઇડરના મુખ્ય ધોરીમાર્ગ - 'ગ્રામ હાટહ્વ ની હરોળમાં 'આદિજાતિ કન્યા છાત્રાલય' નું નિર્માણ કાર્ય શરૂ કરવું તેમજ રાણી તળાવ, માંકરોડા, ભિલોડા ખાતે 'આદિજાતિ કોમ્યુનિટી હોલહ્વ નવિન બનાવવા સંદર્ભે લેખિત પત્ર મારફતે અનુરોધ કર્યો હતો.

'આદિજાતિ કોમ્યુનિટી હોલહ્વ ભિલોડા ખાતે વર્ષ - ૨૦૦૪ માં ઉદ્દ્યાટન થયા પછી કોઈ ને સોંપવામાં આવેલ નથી ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે કોમ્યુનીટી હોલ ખંડેર થયેલ છે. સદ્ઉપયોગ થઈ શકે તેમ નથી 'આદિજાતિ કોમ્યુનિટી હોલહ્વ ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાં બનાવવામાં આવ્યો હતો તે યોગ્ય જગ્યા એ બનાવવામાં આવ્યો નથી તેના કારણે ખંડેર હાલતમાં છે.

ન્યાય મંદિર ભિલોડા - દીવાની અને ફોજદારી અદાલત, ભિલોડા–ઈડર મુખ્ય ધોરીમાર્ગ 'ગ્રામ હાટહ્વ ની બાજુ માં 'આદિજાતિ કન્યા છાત્રાલયહ્વ નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવે તેમજ તેની હરોળ રાણી તળાવ પાસે નવિન જગ્યા પર 'આદિજાતિ કોમ્યુનિટી હોલ' નો જાહેર સ્થળે ઉપયોગ હેતુ તેમજ વિવિધ કાર્યક્રમોમાં સહાય રૂપ થાય તે માટે નવા સ્થાને બનાવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

'આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચહ્વ સાબરકાંઠા-અરવલ્લીના પ્રમુખ,મહામંત્રીએ T.D.O, ભિલોડા, આદિજાતિ વિકાસ કમિશનર,ગાંધીનગર,બિરસા મુંડા, મામલતદાર, ભિલોડા તેમજ પ્રાયોજના વહીવટદાર, મોડાસા સહિત વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને પત્ર ધ્વારા લેખિતમાં 'આદિજાતિ કોમ્યુનિટી હોલ' નો ઉપયોગ શરૂ કરાવા બાબતે રજૂઆત કરાઈ હતી. સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા માટે લેખિતમાં જણાવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા હવે પછી કાર્યવાહી કરવામાં ઢીલી નીતિ દાખવશે તો કાયદાની મર્યાદા રહી ને આ પડતર પ્રશ્ન સંદર્ભે સમાજને સાથે રાખીને આંદોલન કરવામાં આવશે તેમ જણાવાયું છે.